# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં.૨૯૮૮/વહીવટ/COVID-19/૨૦૧૯-૨૦

તા.૨૪.૦૩.૨૦૨૦

## પરિપત્ર

વિષયઃ કોરોના વાયરસ સંદર્ભે તકેદારીના પગલારૂપે ગૂજરાત વિદ્યાપીઠનાં તમામ સંકુલો/ વિભાગો/ શાળાઓ/તથા કેન્દ્રોનાં બંધ રાખવા બાબત.

સંદર્ભઃ

૧) ગુજરાત સરકાર, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા.૨૩.૦૩.૨૦૨૦ જાહેરનામા ક્રમાંકઃજીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

૨) અત્રેનાં કાર્યાલયનો જા.નં.૨૯૮૧/વહીવટ/COVID-19/૨૦૧૯-૨૦, તા.૨૨.૦૩.૨૦૨૦ કાર્યાલય આદેશ.

૩) Ministry of Personnel, Public Grievances and Pensions (Department of Personnel and Training) Dated: 23/03/2020.

આથી ગૂજરાત વિદ્યાપીઠનાં તમામ સંકુલો/વિભાગો/શાળાઓ તથા કેન્દ્રોનાં તમામ વડા/ડીન/સંયોજકશ્રી/આચાર્યશ્રીઓને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે નોવેલ કોરોના વાયરસ (Covid-19)ને WHO દ્વારા મહામારી જાહેર કરવામાં આવી છે. આ સંબંધમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા વખતો વખત આદેશો અને માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવી છે. રાજય સરકારના આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગનાં તા.૧૩.૦૩.૨૦૨૦નાં જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે. ગુજરાત રાજય સરકારના ગૃહ વિભાગના આદેશથી લોકડાઉન જાહેર કરેલ હોવાથી તા.૨૪.૦૩.૨૦૨૦ થી તા.૩૧.૦૩.૨૦૨૦ દરમિયાન ગૂજરાત વિદ્યાપીઠનાં તમામ સંકુલો/વિભાગો/શાળાઓ/કેન્દ્રો બંધ રહેનાર હોય તમામ વિદ્યાર્થીઓ/શૈક્ષણિક સેવકો/ સંશોધકો/ બિન શૈક્ષણિક સેવકોએ સંબંધિત સંકુલો/વિભાગો/ શાળાઓ/કેન્દ્રો ખાતે આવવાનું રહેતું નથી અને લોકડાઉનનો ચુસ્ત પણે સંપૂર્ણ અમલ કરવાનો રહેશે.

વધુમાં કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર દ્વારા નોવેલ કોરોના વાયરસ (Covid-19) અંગે વખતો વખત કરવામાં આવતા આદેશોનું પાલન કરવા જણાવવામાં આવે છે.

(ડૉ. ભરત જોશી)

કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારું.

નકલ રવાનાઃ સંબંધિત વિભાગનાં તમામ વડા/ડીન/સંયોજકશ્રી/આચાર્યશ્રીઓની જાણ તથા અમલવારી અર્થે.

Scanned by CamScanner

# ગુજરાત સરકાર

ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

તા.૨૩/૦૩/૨૦૨૦.

જાહેરનામું ક્રમાંક: જીજી/૨૦/૨૦૨૦/વિ-૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨

નોવેલ કોરોના વાયરસ ( COVID-19) કે જેને WHO દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ સંબંધમાં કેંદ્ર સરકાર તથા રાજ્ય સરકાર દ્વારા કેટલીક સુચનાઓ તેમજ માર્ગદર્શિકાઓ બહાર પાડવામાં આવેલ છે. રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૧૩.૦૩.૨૦૨૦ના જાહેરનામાથી THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATIONS, 2020 જાહેર કરેલ છે.

વધુમાં રાજ્યના બંદરો અને વાહન વ્યવહાર વિભાગના તા.૨૨/૦૩/૨૦૨૦ના બે અલગ અલગ જાહેરનામાંથી પેસેન્જર વાહનોને રાજ્યની અંદર તેમજ રાજ્યમાંથી અન્ય રાજ્યોમાં આવન-જાવન પર પ્રતિબંધ પણ લાદવામાં આવેલ છે.

રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વર્તાઇ રહી છે તેની અસરોને નિયંત્રીત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા અમદાવાદ શહેર, વડોદરા શહેર, રાજકોટ શહેર, ગાંધીનગર શહેર અને સમગ્ર કચ્છ જિલ્લામાં તા.૨૧/૩/૨૦૨૦ અને તા.૨૨/૩/૨૦૨૦ના જાહેરનામાથી આવશ્યક સેવાઓ સિવાયની તમામ સેવાઓને મોકુફ રાખવાનો નિર્ણય લેવામાં આવેલ છે અને માત્ર નીચે મુજબની આવશ્યક સેવાઓને ચાલુ રાખવાનો નિર્ણય લીધેલ છે.

The EPIDEMIC DISEASES Act 1897 અને THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ મળેલ સત્તાઓ

Scanned with CamScanner

Scanned by CamScanner

અન્વયે તા.૨૩/૦૩/૨૦૨૦ મધ્યરાત્રીથી તા.૩૧/૦૩/૨૦૨૦ મધ્યરાત્રી સુધી સમગ્ર રાજ્યમા લોક ડાઉન જાહેર કરવાનો રાજ્ય સરકારે નિર્ણય લીધેલ છે. આવશ્યક સેવાઓ સિવાયની તમામ દુકાનો, વાણિજ્યક સંસ્થાઓ, ઓફિસો, ફેકટરી, નાના ઉદ્યોગો, વર્કશોપ, ગોડાઉન આ સમયગાળા દરમ્યાન સદન્તર બંધ રહેશે.

ફક્ત નીચે મુજબની આવશ્યક સેવાઓ ઉક્ત સમયગાળા દરમ્યાન ચાલુ રહેશે.

- તમામ સરકારી અને મ્યુનિસિપલ કોર્પોરેશન/નગરપાલિકા તથા પંચાયત સેવાઓ
- દૂધ-શાકભાજી, ફળ-ફળાદી, કરીયાણું, પ્રોવીઝનલ સ્ટોર.
- ખાદ્ય પદાર્થો તથા ખાદ્ય સામગ્રી, પેસ્ટકન્ટ્રોલ અને અન્ય આવશ્યક સેવાઓના ઉત્પાદન, પરિવહન અને પુરવઠા વ્યવસ્થા અને તેને લગતુ ઈ-કોમર્સ
- મેડીકલ સ્ટોર, દવાખાના/હોસ્પિટલ, લેબોરેટરી, દવા/મેડીકલ સાધનોની ઉત્પાદક કંપની તથા તેમના રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર્સ, ફાર્મસી, આરોગ્યલક્ષી સેવાઓ.
- પશુ આહાર, ઘાસચારો તથા પશુઓની દવા તથા સારવાર સબંધિત સેવાઓ
- વીજળી ઉત્પાદન, વિતરણ અને મેન્ટેનન્સ અંગેની સેવાઓ
- ઈન્ટરનેટ/ટેલિફોન, મોબાઈલ તથા આઈ.ટી અને આઈ.ટી સંબંધિત સેવાઓ
- મીડીયા-સમાચાર પત્રો
- પાણી પુરવઠો તથા ગટરવ્યવસ્થા તંત્ર
- પેટ્રોલ, ડિઝલ, એલ.પી.જી./સી.એન.જી./પી.એન.જી.ને સંબંધિત પંપ, ઓપરેશન ઓફ પ્રોડકશન યુનિટ, પોર્ટ ઓફ લોડીંગ, ટર્મિનલ ડેપોઝ, પ્લાન્ટસ તથા તેને સંબંધિત ટ્રાન્સપોર્ટેશન અને ડિસ્ટ્રીબ્યુશન સેવાઓ

Scanned with CamScanner

Scanned by CamScanner

- વીમા કંપની, બેંક/એ.ટી.એમ. તથા એ.ટી.એમ.ને કાર્યરત રાખવા માટેની સેવાઓ, બેંકોનું ક્લીયરીંગ હાઉસ, સ્ટોક એક્સચેન્જ
- પોસ્ટ અને કુરીયર સર્વિસ
- ખાનગી સિક્યુરીટી સેવા
- તમામ આવશ્યક ચીજ વસ્તુઓના પરિવહન સંગ્રહ અને વિતરણને લગતી તમામ સેવાઓ ઉપરાંત અતિઆવશ્યક સેવાઓ ગોડાઉન તથા અન્ય અતિ આવશ્યક સેવાઓ

સતત પ્રક્રિયાવાળા ઉત્પાદન કરતા એકમો કે જેમની પાસે "Lock In" સુવિધાઓ છે કે જેમાં કામદારો માટે વિશેષ વ્યવસ્થા ઉપલબ્ધ છે તેવા એકમો સંબંધિત જિલ્લા મેજીસ્ટ્રેટની પરવાનગીથી ચાલુ રહી શકશે.

આ જાહેરનામાનું અસરકારક અમલીકરણ સર્વે પોલીસ કમિશ્નર, જિલ્લા મેજીસ્ટ્રેટ તથા જિલ્લા પોલીસ વડા દ્વારા કરાવવાનું રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ The EPIDEMIC DISEASES Act 1897 અન્વયે THE GUJARAT EPIDEMIC DISEASES COVID-19 REGULATION, 2020ની જોગવાઇઓ હેઠળ તથા ઈન્ડીયન પીનલ કોડની કલમ ૧૮૮ હેઠળ કાનુની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તથા તે હેઠળ સજાને પાત્ર થશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકલમથી અને તેમના નામે,

(પંકજ દવે)
ઉપ સચિવ (કા.વ્ય.-૧)
ગૃહ વિભાગ

Scanned with CamScanner

Scanned by CamScanner